વડીલોને વંદન અભિનંદન

આજે
જન્મદિવસ

જેઠાભાઈ કચરાભાઈ પટેલ
(૧૯૪૦)
ફોન. ૨૩૨૬૧૦૮૦

ચેક રીટર્ન કેસમાં હવે એક સાથે બે કેસ ચાલી શકશે

ખાતામાં બેલેન્સ ન હોય અને ચેક આપવાની ટેવ ધરાવતા લોકોને ચેતવણી : સુપ્રિમ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો

ગાંધીનગર, તા.૨૮

જો તમારા ખાતામાં પુરતું બેલેન્સ ન હોય અને તમે કોઈને ચેક આપવાનું વિચારી રહ્યા હો તો હવે ચેતી જજો ચેક બાઉન્સ થવા પર તમારી વિરુધ્ધ એક નહીં પણ બબ્બે કેસ ચાલી શકે છે. એક ચેક બાઉન્સ થવાનો અને બીજો છેતરપીંડી કરવાનો. સુપ્રિમ કોર્ટે એક ફેંસલામાં કહ્યું છે કે બે કેસની સુનવણી બેવડા ખતરાના સિધ્ધાંતનું ઉલ્લંઘન નથી કરતી.

ન્યાયમૂર્તિ બી.એસ. ચૌહાણ અને જે.એસ. ખેહરની ખંડ પીઠે ગુજરાતમાં રહેતા સંગીતાબેન પટેલની અપીલને રદ કરતા આ વ્યવસ્થા આપી હતી. સંગીતાબેને ગુજરાતના પાટણ સ્થિત મુખ્ય ન્યાયીક મેજીસ્ટ્રેટ સમક્ષ લેખિત છેતરપીંડી અને વિશ્વસઘાતના મામલાને રદ કરવા માટે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી હતી. તેઓ સુપ્રિમ કોર્ટમાં એ તર્ક સાથે પહોંચ્યા હતા કે બેવડા ખતરાના સિધ્ધાંત અનુસાર એક અપરાધ માટે તેમના પર બે વખત કેસ ન ચાલી શકે. બંધારણની કલમ ૨૨ અને આપરાધિક પ્રક્રિયા સંહિતાની કલમ ૩૦૦ (૧)માં જોગવાઈ કરવામાં આવી છે કે એક જ અપરાધ માટે કોઈ વ્યકિતને બે વખત સજા ન થઈ શકે. સુપ્રિમ કોર્ટે તેમની અપીલને રદ બાતલ ઠેરવતાં કહ્યું હતું કે આ સિધ્ધાંત કોઈ અપરાધના મામલાની સુનવણી પર રોક નથી લગાવતી. આ ફકત એ પુરાવાઓથી કોઈ સચ્ચાઈને સાબીત કરવાની રોકે છે. જેનો ઉપયોગ પહેલા કોઈ આપરાધિક મામલાની સુનવણીમાં થઈ ચુકયો હોય. વર્ષ ૨૦૦૩માં ૨૦ લાખનો ચેક બાઉન્સ થવાના કિસ્સામાં સંગીતાબેનને નીચલી અદાલતે ખરીદ ફરોક દસ્તાવેજ (એનઆઈ) કાનૂન હેઠળ દોષિત ઠેરવ્યા હતા. જેણે ચેક આપ્યો હતો તેણે ૬ ફેબ્રુઆરી ૨૦૦૪ના રોજ પોલીસને ફરિયાદ આપી હતી અને સંગીતાબેન પર વિશ્વાસઘાત તથા છેતરપીંડીનો આરોપ મુકયો હતો.

આહિર સમાજના આગેવાનો સહિત પુનમબેન હેમતભાઈ માડમ પરિવાર દ્વારા ભાવભર્યુ અભિવાદન

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે જામનગર જિલ્લામાં જામ ખંભાળીયા નજીક -સિધ્ધ કરશન ભગતની જગ્યામાં યોજાઈ રહેલી કનકેશ્વરીદેવીની રામકથામાં ખાસ ઉપસ્થિત રહી વિશાળ સંખ્યામાં ભાવીકજનોની સત્સંગ સભામાં જણાવ્યું હતું કે, આતંકવાદી માનસિકતા સામે લડવાનું દરેક યુગમાં બન્યું છે અને શિક્ષણ લેનારામાં અભયની ચેતના જાગે છે. રામાયણમાં એક નારીના સીતાજીના ગૌરવને કાજે જટાયું પક્ષીએ પોતે બલિદાન આપીને પણ આતંકવાદી માનસિકતા સામે લડવાનો અભયનો સંદેશો આપે છે. જટાયું અને આ જ આજના સમાજમાં યુગનો નારી ગૌરવ માટે સંદેશ છે એમ તેમણે જણાવ્યું હતું.

સ્વધામવાસી મહંત કરશન ભગતની આ જગ્યામાં કનકેશ્વરી દેવીની રામ ચરિત કથા યોજાઈ રહી છે, તેમા કથા શ્રવણ કરવા અને રામેશ્વર મંદિરમાં ૧૧ કુંડી -ાણ-તિષ્ઠા મહોત્સવમાં દર્શનાર્થે શ્રી નરેન્દ્રભાઈ મોદી ખાસ ઉપસ્થિત રહ્ઞા હતા.સ્વ. હેમતભાઈ રામભાઈ માડમ ચેરીટ્રેબલ ટ્રસ્ટના -મુખ સુ.શ્રી પૂનમબેન હેમતભાઈ માડમ જગ્યાના મહંત મણી માતાજી અને નગા ભગત સહિત સમગ્ર આહિર સમાજના આગેવાનોએ મુખ્યમંત્રીશ્રીનું ઉષ્માભર્યુ અભિવાદન કર્યુ હતું. રામકથા વ્યાસપીઠ ઉપર કનકેશ્વરીદેવીનું સ્વાગત કરીને વિશાળ ભાવિક ભક્તોની સત્સંગ સભામાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, સુતારિયાની આ તપોભુમિ સાધના ભૂમિ છે. જે સ્વયંમ માનવજીવનમાં ચેતના જગાવે છે.

પડતર પ્રશ્નો સંદર્ભે ગાંધીનગરમાં ૯મીએ કર્મચારી મહામંડળે ધરણાનો કાર્યક્રમ આપ્યો

ગાંધીનગર, તા. ૨૮

સરકારી કર્મચારીઓના પડતર પ્રશ્નોને લઈને આગામી ૯મી મે ના રોજ ગાંધીનગરમાં ધરણાના કાર્યક્રમ સાથે રાજ્ય કર્મચારી સંકલન સમિતિએ રાજ્ય સરકાર સામે આંદોલનનું રણશીંગુ ફુક્યું છે.

સરકારી કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે રાજ્ય સરકાર સમક્ષ અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી. તેમજ આ પડતર પ્રશ્નોને ઉકેલવા માટે ખાત્રી આપ્યા પછી પણ આજદિન સુધી રાજ્ય સરકાર દ્વારા કોઈજ હકારાત્મક વલણ ન અપનાવીને પ્રશ્નો ન ઉકેલાતા કર્મચારીઓમાં રોષની લાગણી ઉઠવા પામી છે.

કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે રાજ્ય સરકાર સામે આંદોલન છેડવા માટે ચોટીલા ખાતે આજે રાજ્ય કર્મચારી સંકલન સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં વિવિધ સંવર્ગના અંદાજે ૩૬૦ જેટલા મંડળોના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

છઠ્ઠા પગારપંચ અંતર્ગત કેટલાક લાભો આપવા અંગે રાજ્ય સરકારે ખાત્રી આપ્યા પછી પણ આજે કર્મચારીઓને પાંચમાં પગાર પંચ પ્રમાણે ભથ્થાઓ ચૂકવવામાં આવે છે. આ મુદ્દા સહિત અન્ય કેટલાક મહત્વના પડતર પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા આજે ચોટીલા ખાતે મળેલી રાજ્ય કર્મચારી સંકલન સમિતિની બેઠકમાં આંદોલાત્મક કાર્યક્રમો ઘડી કાઢીને જાહેર કરવામાં આવ્યા છે. જે અંતર્ગત આગામી ૯મી મે ના રોજ રાજ્ય કર્મચારી સંકલન સમિતિ દ્વારા ગાંધીનગર ખાતે પડતર પ્રશ્નોને લઈને ધરણાનો કાર્યક્રમ આપવામાં આવ્યો છે.

ખૂણે ખાંચરેથી

● આજે રજાનો દિવસ હતો પરંતુ દહેગામ ખાતે ગરીબ કલ્યાણ મેળાના આયોજનને પગલે અધિકારીઓ ઓફિસોની કામગીરીમાં વ્યસ્ત હતા. ● રાજ્યના મહેસુલ વિભાગમાં નાયબ મામલતદારથી માંડી તમામ સંવર્ગમાં બદલી બઢતીની કવાયત ચાલી રહી છે. ● દહેગામ ખાતે આજે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં સાંસદ હરિન પાઠકની ઉપસ્થિતિ સૌનું ધ્યાન ખેંચતી હતી. ● વડોદરાના રાજવી રણજીતસિંહ ગાયકવાડની તબિયત નાજુક બનતાં સઘન સારવાર હેઠળ છે. ● ૧લી મે ના રોજ ગાંધીનગરમાં સ્થાપના દિનની ઉજવણીની તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા આરંભી દેવાઈ છે. ● શૈક્ષણિક વર્ષ પૂર્ણ થવા આવ્યુ પણ ગુણોત્સવનું પરિણામ સત્તાવાર રીતે જાહેર ના કરાતાં શૈક્ષણિક જગતમાં તર્કવિતર્ક ચાલી રહ્યા છે.

પરત મેળવવા હિલચાલ...

● પહેલા પાનાનું ચાલુ

છે ત્યારે સરકારે તેની મહામૂલી જમીન પરત લઈ લેવી જોઈએ તેવી સ્પષ્ટ હિમાયત વડાએ તેમના પત્રમાં કરી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ટ્રેડ સેન્ટર બનાવવાને બદલે ટ્રેડ સેન્ટરમાં આવનાર કોર્પોરેટ હાઉસ તેમની કચેરી માટે ગીફ્ટ સીટીમાં નિર્માણ પામેલ ટાવરમાં જગ્યા ખરીદે અથવા તેમની ઓફીસો ટાવરમાં બનાવે તેવી રજૂઆત ગીફ્ટ સીટીના વડા દ્વારા રાજ્ય સરકાર સમક્ષ કરવામાં આવી છે.

આ ઉપરાંત રજૂઆતમાં એવું પણ જણાવાયું છે કે ઉદ્યોગભવન પાછળ ટ્રેડ સેન્ટર માટે ફાળવવામાં આવેલી જમીન રદ કરીને તેનો અન્ય હેતુ માટે ઉપયોગ કરવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં અદાણી, રીલાયન્સ, ટોરેન્ટ સહિતના મોટા ઉદ્યોગ ગૃહોને કોર્પોરેટ હાઉસ માટે જમીન ફાળવવામાં આવી છે.

અપહરણકર્તા ઝડપાયા...

● ત્રીજા પાનાનું ચાલુ

અજયને માણસાના આજોલ ખાતે મોકલ્યો હતો. જ્યાં બાઈક ઉપર યુવતીનું અપહરણ કરી ગાંધીનગર લઈ આવ્યા હતા. જ્યા કાલુપુરથી આ યુવતીને પાટણ લઈ જવાઈ હતી. ત્યારબાદ અજયે તેની પાસે રહેલ નવા સીમકાર્ડ વડે યુવતીના પીતાને ફોન કર્યો હતો. અને પાંચ લાખની માંગણી કરી હતી. જગદીશ આ સમગ્ર બાબત જાણતો હોવા છતાં તે યુવતીના પરિવારજનો સાથે ફરતો રહ્યો હતો. જ્યારે તેનો ભાઈ પપ્પુ યાદવ યુવતીના પિતા સાથે માણસા પોલીસમથક ઉપર પહોંચ્યો હતો અને તે સમગ્ર બાબતની જાણ જગદીશને કરતો રહેતો હતો. આ ખંડણીના રૂપિયા અજય અને જગદીશ વહેંચી લેવાના હતા ત્યારબાદ બદનામ થઈ ગયેલી યુવતીના ઘરે જઈ જગદીશ લગ્નનો પ્રસ્તાવ મુકી પોતાનો ઈરાદો પાર પાડવા માંગતો હતો. તેમણે સીમકાર્ડ પણ અમદાવાદના અમજદખાન પઠાણના નામેથી ખરીદ્યું હતું. હાલ આ બન્ને આરોપીઓને ગાંધીનગર પોલીસે અપહરણના ગુનામાં ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મારી નજરે

(પાના નં. ૪ નું ચાલુ)

શાળા-હૉસ્પિટલો બંધાવી નથી... ખાલી ક્રિકેટમાં ચોકા, છગ્ગા ફટકારીને 'સદી' કરી છે; એટલે રાષ્ટ્રપતિજીએ રાજી થઈને તેને રાજયસભાનું પદ આપી દીધું છે. આ ગૃહ ભારતના સાર્વજનિક જીવનના કાયદા ઘડે છે, આંતરિક અને વિદેશનીતિની ગહન ચર્ચા ત્યાં થાય છે. બંધારણ પ્રમાણે 'પુખ્ત, વિચારવાન લોકો' નું ગૃહ છે... મુક્ત સમાજ માટે કોઈ મજબૂત પગલાં સૂચવશે? શું ભારતમાં રમતગમત ક્ષેત્રે વ્યાપેલા ખતરનાક ભ્રષ્ટાચારની સામે અવાજ ઉઠાવશે? તંદુરસ્ત રમત માટેના નિયમો અને કાયદા ઘડવા માટે દબાણ લાવશે? તિબેટ - અફઘાનિસ્તાન - ઈજિપ્ત - ઈરાક - શ્રીલંકાની સમસ્યા વિશે ચિંતન દર્શાવશે? બાંગ્લાદેશ કે બર્માની પરિસ્થિતિ વિશે વિશદતાથી વાત કરશે? શું કરશે? જો આમાનું કાંઈ ના કરી શકે તો રાજયસભામાં તેમની નિયુક્તિ માટે હરખઘેલા થવાની જરૂર નથી...

● **'ત્રિવેણી', 'સુંદરી' અને ગુજરાત - કનેકશન**

સ્થાન : ત્રિવેણી કલા સંગમ, નવી દિલ્હી, તારીખ સાતમી એપ્રિલ, ૨૦૧૨. ચાર દશકમાં પહેલી જ વાર, તેનાં મુખ્ય કાર્યાલયની ખુરશી ખાલી હતી; આજે આ કલાસંગમનાં અધિષ્ઠાત્રી બરાબર દસ વાગે અહીં આવ્યાં નહીં તેનાથી સ્ટાફને ઘડીભર માન્યામાં ના આવ્યું, પછી તુરત ઝબકારો થયો કે અરે, આ સંસ્થાના પ્રાણ સરખાં, ૯૩ વર્ષનાં સુંદરી શ્રીધરાણી તો ગઈ કાલે રાતે જ અવસાન પામ્યાં હતા!

સુંદરી શ્રીધરાણી અને કૃષ્ણલાલ શ્રીધરાણી. આ ગુજરાતી - સિંધી દંપતિએ સ્વતંત્રતાનાં વર્ષ ૧૯૪૭ થી જ નવી દિલ્હીમાં પત્રકારત્વ, કલા, રાજનીતિક વિશ્લેષણનું બૌધ્ધિક વાતાવરણ સર્જ્યું હતું. ૧૯૬૦માં કૃષ્ણલાલ શ્રીધરાણીનુંઅવસાન થયું અને માંડ ૪૯ વર્ષના પતિની વિદાયનો ભારે આઘાત સહન કરીનેય પત્ની સુંદરી શ્રીધરાણીએ કલા-વારસો જાળવી રાખવાનો, જિંદગીના છેલ્લા શ્વાસ સુધી પ્રયાસ કર્યો.

પતિ કૃષ્ણલાલ શ્રીધરાણીનું જન્મ વતન ભાવનગર પાસે ઉમરાળા ગામ. બાળક શ્રીધરાણી ભાવનગર, જૂનાગઢમાં ભણ્યા, પછી ગુજરાત વિદ્યાપીઠમાં... જોડાયા. યુવાન વિદ્યાર્થીને લાગ્યું કે ગાંધીજીની દાંડી-લડતમાં જોડાવું જોઈએ એટલે તેમાં સામેલ થયાં. ધકપકડ થઈ, જેલમાં રહ્યા અને ત્યાં સુધીમાં તો કવિતા, નાટક, વાર્તા અને અહેવાલોની કુશળતા પ્રાપ્ત કરી લીધી! વિદ્યાપીઠથી શાંતિનિકેતન, ત્યાંથી અમેરિકામાં. કોલંબિયા યુનિવર્સિટીમાં પત્રકારત્વની પદવી તેમજ પીએચ.ડી થનાર પ્રથમ ગુજરાતી શ્રીધરાણીએ સમગ્ર અમેરિકામાં પોતાનું નામ અને કામ સ્થાપિત કરી દીધું. 'વૉઈસ ઑફ ઈન્ડિયા'ના તંત્રી બન્યા, બંગાળના 'અમૃત બજાર પત્રિકા' ના દીર્ઘકાલીન સંવાદદાતા અને કૉલમ-લેખક રહ્યા. 'ન્યૂયોર્ક ટાઈમ્સ' માં લખ્યું. 'વૉર વિધાઉટ વાયોલન્સ' અને 'માય ઈન્ડિયા, માય અમેરિકા' પુસ્તકો તો અમેરિકાને ગાંધીનું ભારત સમજવા માટેનું બાઈબલ બની ગયાં! અમેરિકામાં ભારતીય સ્વતંત્રતા માટેની પહેલી ચળવળ 'ગદર' પાર્ટીની હતી. તેના વિલય પછી 'નેશનલ કમિટી ફૉર ઈન્ડિયન ઈન્ડિપેન્ડેટસ' સ્થપાઈ તેમાં વિજયાલક્ષ્મી પંડિતનાં પુત્રી ચંદ્રલેખા પંડિત, ડૉ. અનુપસિંઘ, હરિદાસ મજમુદાર, સઈદ હુસેન વગેરેએ ધૂમ મચાવી. શ્રીધરાણીએ તો અમેરિકન પ્રમુખ ડી'રૂઝવેલ્ટથી પર્લ બક જેવા સાહિત્યકાર સુધીનો સંપર્ક કેળવી લીધો હતો!

શ્રીધરાણી ભારત પાછા ફર્યા ત્યારે આ ખેલદિલ, પ્રભાવી અને મધુર બૌધ્ધિકતા ધરાવતા પત્રકારની સંગાથે મહિલા મૈત્રીની કેટલીક કથા - ઉપકથાઓ વહેતી થઈ હતી. તેમાંથી એક જવાહરલાલ પંડિત પરિવારની મહિલાની યે ખરી! પરંતુ 'લગ્ન આકાશમાં રચાય છે.' એવી માન્યતા પ્રમાણે, એક વાર રંગમંચ પર નિહાળેલાં, 'સુંદરી' નામધારી કલાકારને જોયા, આકર્ષાયા બંને, પ્રસ્તાવ થયો અને ૧૫ માર્ચ, ૧૯૫૦ નાં લગ્ન થયાં. પંડિત જવાહરલાલ અને રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન તેમાં ખાસ હાજર રહ્યા એટલું જ નહીં. બે બાળકો થયાં - એક કવિતા, બીજું અમર - આ નામકરણ પણ પંડિતજી અને ડૉ. રાધાકૃષ્ણને કર્યા હતા!

સુંદરીના પ્રપિતા દયારામ ત્રીડુમલ સિંધના સુપ્રતિષ્ઠ આગેવાન હતા. સુંદરીને જન્મજાત નૃત્યપ્રેમ રહ્યો. જવાહરલાલે તેમને સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે મકાન અપાવ્યું તે જ આ ત્રિવેણી! ત્રિવેણી પછીથી નવી દિલ્હીના તમામ ખ્યાતિપ્રાપ્ત કલાકારોનું મથક બની ગયું. આ સુંદર સ્થાનને સુંદરી શ્રીધરાણી પોતાનાં પૂર્વજન્મનો આશ્રમ માનતાં જીવનનાં અંતિમ દિવસ સુધી તેમણે 'ત્રિવેણી' નું જતન અને સંવર્ધન કર્યું. તસ્વીરકાર હામ રહેમાન કહે છે : મારી માતા - ઈન્દ્રાણી રહેમાન - અહીં વીસ વર્ષ સુધી નૃત્ય કરતાં, તેનો હું સાક્ષી છું. પછી તો આ કેમેરામેનની તસ્વીરોનું પ્રદર્શન પણ ૧૯૭૦માં આ જ જગ્યાએ થયું!

૧૯૫૦ માં કનૉટ પ્લેસ પર બે ઓરડાનાં મકાનથી શરૂ થયેલી ત્રિવેણી આજે તો, રાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત કલાસ્થાન બની ગયું છે; ગુજરાતી દંપતીનું તે સર્જન છે એટલે ગુજરાત - કનેકશન પણ ખરું ને! સુંદરી શ્રીધરાણીનાં અવસાનનો નાનકડી ખબર અખબારો સુધી ભલે પહોંચીના હોય, આજે તેમનાં પ્રદાનનું સ્મરણ કરવું તેય અંજલિ છે.

સમાચાર ઝલક

● પાલનપુરમાં લબરમુછીયા ચાલકે નશાની હાલતમાં કાર હંકારતાં ૩ને ઘાયલ કર્યા.
● આણંદમાં ગરીબમેળાના વિકલાંગ લાભાર્થીઓ લાભ મેળવવા માટે હજુ પણ ધક્કા ખાય છે.
● અણ્ણા અને તેની ટીમ મેના પ્રથમ સપ્તાહમાં ગુજરાતની મુલાકાતે.
● વાહન નોંધણી માટે આર.ટી.ઓ.માં વાહન લઇ જવાની મુક્તિ મળશે.
● બી.એસ.એન.એલ. એ વધુ ત્રણ ટેબ્લેટ સૌ પ્રથમ ગુજરાતમાં લોન્ચ કર્યા.
● માહિતીખાતા દ્વારા કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક રૂા. ૨૦ની કિંમતનો પ્રગટ થયો છે.
● જાણીતા ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પિતાશ્રી અનિરૂધ્ધ જાડેજાનો એટ્રોસીટી પ્રકરણમાં નિર્દોષ છુટકારો.
● શનિવાર હોવા છતાં આજે શેરબજાર દોઢ કલાક માટે ચાલુ હતું.
● હવે તમામ હાઇવે પર ટોલ ટેક્સ લેવાશે.
● સૂરત-વડોદરા હાઇવેને સિક્સલેનની રૂા. ૫૦૯.૨૯ કરોડના ખર્ચની મંજૂરી.
● સહકારી ડેરી ૧૦ ટકા ઘટાડે તો પ્રજાને દૂધમાં ૪ રૂપિયાનો ફાયદો થાય.
● જૂનાગઢ એચ.આઇ.વી.કાંડમાં ગુજરાત પોલીસતંત્રના ઇતિહાસમાં હાઇકોર્ટનો ઐતિહાસિક આદેશ.
● સીંગતેલમાં સતત ભભૂકતી તેજીથી ડબ્બાનો ભાવ રૂા. ૨૧૧૦ની ટોચે.

સાહિત્યમાં વનસૃષ્ટિની વનલીલા

(પાના નં. ૪ નું ચાલુ)

● ઋતુએ ઊગે મોગરો, ઋતુએ આવે ફૂલ
ઋતુ વિનાનું ચાહિએ, એ તો ધૂળનું ધૂળ
(જોડકણું)
● અજબ છે શાયરીનો તોર સાકી,
નશાનો જાણે ચડતો પ્હોર સાકી;
તને દેખાય છે જયાં થોર સાકી,
હું ત્યાં પણ જોઉં છું ગુલમોર સાકી.
(મુક્તક - અમૃત ઘાયલ)
● આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈં નથી - પગલાં વસંતનાં
(ગઝલ - મનોજ ખંડેરીયા)
● ફૂલ સૌ જયારે બાળ લાગે છે; કોઈ મા જેવી ડાળ લાગે છે. (શૅર)
● દશકૂપ સમા વાપી, દશવાપી સમં સરઃ, સરોદશસમઃ પુત્રઃ દશપુત્ર સમસ્તરુ (શ્લોક - મત્સ્ય પુરાણ શ્લોક નં. ૨૧૫)
- ૧૦ કૂવા બરાબર ૧ વાવ છે, ૧૦ વાવ બરાબર ૧ સરોવર છે, ૧૦ સરોવર બરાબર ૧ સત્પુત્ર છે અને ૧૦ સત્પુત્ર બરાબર ૧ વૃક્ષ છે.
● નગરમાં નાગી ફરે, વનમાં પહેરે ચીર; એવું ફળ લાવજો, મારી સગી નંદણના વીર! (ઉખાણું : જવાબ - સોપારી)
● નાજુક વેલી, વીંટાઇ, વાંકા ચૂકા,બાવળિયાને (હાઈકૂ)
● તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ
અજાજૂથ માંહે રે, સમરથ ગાજે સહી!
(ભજન - ધીરા ભગત)
● નથી આશા વિના આયુ, નથી ડાળી વિના ફૂલ
નથી પૃથ્વી વિના પાયો, નથી માતા વિના કૂળ
(લોકોક્તિ)
● ડાળીએ ડાળીએ ડાંડિયારાસ,
ને પાંદડે પાંદડે પુરૂષોત્તમ
કળીએ કળીએ કમળાપતિ
ને પુષ્પે પુષ્પે પરમેશ્વર
(પ્રશસ્તિ - ગુણવંત શાહ)

- પી.એમ. પરમાર (દર્શન)

શબ્દાવલી - ૪૭૧૪

૧		૨			■	૩	૪
	■		■	■	૫		
૬	૭		■	૮		■	
■		■	૯			૧૦	
૧૧				■	■		■
■		■	૧૨		૧૩		
૧૪		૧૫		■		■	■
	■		■	૧૬			

આડી ચાવી

૧. એક વૃક્ષ જેના પાનનું તોરણ કરાય છે (૫)
૩. .... ના વૃક્ષમાંથી ઈમારતી લાકડા બને (૨)
૫. અજર.... અવિનાશી, મરે નહિ તેવું (૩)
૬. રોકવું તે, રોકેલું નાણુ (૩)
૮. કિનારી, પાળી (૨)
૯. ક્ષમા કરવી,.... કરશો (૫)
૧૧. શ્રીકૃષ્ણ (૪)
૧૨. એક પછી એક ક્રમશઃ (૫)
૧૪. ગુણવાળુ, વખાણ યોગ્ય (૪)
૧૬. રંગબેરંગી, તહેવારનું (૪)

ઊભી ચાવી

૧. ભરોસો, આશ્રય, છત્રછાયા (૩)
૨. પથ્થર જેવું કઠણ, કડક (૩)
૩. .... વેદ, ચાર વેદો માંનો એક (૨)
૪. એક મૂળ જેનું અથાણું થાય (૪)
૫. અલાયદુ, જુદુ (૩)
૭. ખરખરો, લોકઈ (૫)
૮. હદ, સીમા, અંત (૨)
૯. દરવાજે, ઉભેલ પહેરેગીર (૪)
૧૦. જીર્ણશીર્ણ, ભાંગેલ તુટેલ (૨)
૧૩. ભવાડો, બદનામી (૩)
૧૪. બખોલ, બોડ (૨)
૧૫. હિંસક પ્રાણી (૨)

શબ્દાવલી ૪૭૧૩ના જવાબ

આડી ચાવી :- (૧) સમુહ ભોજન (૫) શક્કરીયા (૬) નાસીપાસ (૯) સદસ્ય (૧૦) વાત (૧૨) કપ (૧૩) માંસ (૧૪) ચાપલૂસી (૧૫) ઝરમર (૧૮) રતવા (૧૯) ખતવણી

ઊભી ચાવી :- (૧) સરનામુ (૨) જશ (૩) નક્કર (૪) રીયાસત (૭) પાસ (૮) સદવિચાર (૧૦) વાપસી (૧૧) કસરત (૧૨) કલૂસિત (૧૩) માંઝર (૧૬) મવા (૧૭) ઘાણી

ચાલો થરાદ કિસાન હિત યાત્રામાં..... ચાલો થરાદ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ આયોજિત

કિસાન હિત યાત્રા

BJP

ભાજપની છે એક જ વાત સમૃદ્ધ ખેડૂત સમૃદ્ધ ગુજરાત

શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન. મુખ્યમંત્રીશ્રી

શ્રી આર. સી. ફળદુ



શ્રી શંકરભાઈ ચૌધરી

કિસાન હિત યાત્રાના સમાપન સમારોહને સંબોધશે માન. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી તેમને સાંભળવા અચૂક પધારો થરાદ.

તા. ૨૯-૪-૨૦૧૨, સાંજે ૪.૦૦ વાગે

અણદાભાઈ પટેલ (ચેરમેન)
ધી થરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, થરા.